અનુસૂચિત જાતિના લોકોને ખેતીની જમીન
ખરીદવા આપવામાં આવતી નાણાંકીય
સહાયમાં વધારો કરવા બાબત..

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
(સમાજ કલ્યાણ પ્રભાગ)
ઠરાવ નં. એસસીડબલ્યુ/૧૦૯૬-ન/આ.૨૫(૯૭)ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૫/૯/૯૭

વંચાણે લીધા:- (૧) સમાજ કલ્યાણ વિભાગનો તા.૮/૮/૮૬નો ઠરાવ ક્રમાંક:એસસીડબલ્યુ/૧૦૮૫/૨૩૩૮/જ.

(૨) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ(સ.ક.)પ્રભાગનો તા.૪/૧૨/૯૨ નો ઠરાવ ક્રમાંક:એસસીડબલ્યુ/૧૦૯૨/૩૧૬૮/જ.

(૩) નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતાનો પત્ર ક્રમાંક:સક/આગન/૪/૨૯૭/૩૭૫૯, તા. ૧૩/૨/૯૭.

<u>ઠરાવ</u>

આ વિભાગના તા.૪/૧૨/૯૨ ના ઠરાવ ક્રમાંક:એસસીડબલ્યુ/૧૦૯૨/૩૧૬૮/જ માં જણાવ્યા પ્રમાણેની શરતોને આધીન અનુ.જાતિના ખેતમજૂરોને ખેતીની જમીન ખરીદવા માટે એકરદીઠ ખરીદ કિંમતના ૫૦% અથવા રૂા.૫,૦૦૦/- પૈકી બેમાંથી જે રકમ ઓછી હોય તે ધોરણે ૨ એકર જમીન માટે વધુમાં વધુ રૂા. ૧૦,૦૦૦/- નાણાંકીય સહાય આપવામાં આવે છે આ યોજનામાં આપવામાં આવતી નાણાંકીય સહાયમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણા બાદ અનુ.જાતિના લોકોને ખેતીની જમીન ખરીદવા માટે અપાતી નાણાંકીય સહાયમાં વધારો કરવા તથા આ યોજનામાં નિયત થયેલ આવક મર્યાદામાં નીચે જણાવ્યા પ્રમાણે સુધારો કરવાનું ઠરાવવામાં આવે છે.

૨. સુધારેલ યોજનાની શરતો નીચે મુજબ રહેશે.

(૧) એકર દીઠ ખરીદ કિંમતના ૫૦% અથવા રૂા. ૧૦,૦૦૦/- પૈકી બેમાંથી જે ઓછી હોય તે રકમ સહાય તરીકે મંજૂર કરવાની રહેશે. આ ધોરણને આધીન રહીને બે એકર માટે વધુમાં વધુ રૂા.૨૦,૦૦૦/- ની સહાય આ યોજના હેઠળ આપવાની રહેશે.

(૨) આ યોજનાનો લાભ લેનાર અરજદારની વાર્ષિક આવક મર્યાદા રૂા. ૧૮,૦૦૦/- થી વધારે હોવી જોઈએ નહિ.

(૩) આ યોજનાનો લાભ કુટુંબની એક જ વ્યક્તિને ફક્ત એકજ વખત મળવાપાત્ર થશે.

(૪) આ યોજના હેઠળ સરકારી જમીન કે ખાનગી વ્યક્તિ પાસેથી ખેતીની જમીન ખરીદવા માટે સહાય મળવાપાત્ર થશે.

(૫) સરકારી સહાય બાદ કરતાં જે લાભાર્થી જમીન ખરીદવા સક્ષમ હોય તેનેજ લાભ

..૨..

આપવાનો રહેશે.

(ક) સરકારી સહાયથી ખરીદેલ જમીન અન્યને વેચી શકાશે નહિ.

૩. આ સુધારે યોજના માટે ચાલુ વર્ષ એટલે કે ૧૯૯૭/૯૮ ના અંદાજપત્રમાં નવી બાબતથી કરવામાં આવેલ રૂા. ૧૦.૦૦ લાખની જોગવાઈનો ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે. આ અંગેનો ખર્ચ ૧૯૯૭/૯૮ ના વર્ષમાં આ યોજના માટે થયેલ નાણાંકીય જોગવાઈની મર્યાદામાં કરવાનો રહેશે.

૪. આ અંગેનું ખર્ચ માંગણી નં.૯૩, ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ-૧૦૨ આર્થિક વિકાસ બીસીકે-૩૮ અનુસૂચિત જાતિ માટે ખાસ અંગભૂત યોજના- ખેત જમીન ખરીદવા માટે પછાતવર્ગના ખેડૂતોને નાણાં સહાય હેઠળ મંજૂર થયેલ જોગવાઈમાંથી મેળવવાનું રહેશે.

૫. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી વિભાગની તા.૨૮/૮/૯૭ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
(ટી.એ.ગજ્જર)
સેકશન અધિકારી,
સમાજ કલ્યાણ વિભાગ અને
આદિજાતિ વિકાસ વિભાગ
(સમાજ કલ્યાણ પ્રભાગ)

પ્રતિ,

નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગાંધીનગર.

/એમપી૨૨૯૯૭/